અપીલ અરજી નં.૩૬૦ તા.૨૩-૨ -૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા:- એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકત:-**

વિષય:-આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૭-૧-૧૧ની અરજી થી મુદ્દા નં.(૧) આશાનગર ખાતે બંગલા નં.એ/૫, પર હાલમાં તૈયાર થતાં બાંધકામને આપના વિભાગતરફથી આપવામાં આવેલ બાંધકામ અંગેની રજાચીઠ્ઠીની નકલ તથા મંજુર પ્લાનની નકલ આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ:-અરજદાર મજકુરની તા.૨૩-૨-૧૧ ની **SMC/FAP/** નં.૩૬૦/૨૦૧૦-૧૧.

શ્રી રમેશ કે. જાંગીડની તા.૭-૧-૧૧ની અરજી થી મુદ્દા નં.(૧) આશાનગર ખાતે બંગલા નં.એ/૫, પર હાલમાં તૈયાર થતાં બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ બાંધકામ અંગેની રજાચીઠ્ઠીની નકલ તથા મંજુર પ્લાનની નકલ આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩-૨-૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૬૩ તા.૪-૩-૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૭-૧-૧૧ ની અરજીથી આશાનગર ખાતે બંગલા નં.એ-૫ ના બાંધકામ બાબતેની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળા દરમ્યાન કોઈ પ્રતિભાવ નહીં મળવાથી અરજદારે તા.૨૩-૨-૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. મુદ્દા નં.(૧) આશાનગર ખાતે બંગલા નં.એ/૫, પર હાલમાં તૈયાર થતાં બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ બાંધકામ અંગેની રજાચીઠ્ઠીની નકલ તથા મંજુર પ્લાનની નકલ આપશો. મુદ્દા નં.(૨)હાલમાં તૈયાર થતું આ બાંધકામ મંજુર પ્લાન મુજબ થાય છે કે કેમ? તેની વિગત આપશો. જો મંજુર પ્લાન મુજબ થતું ન હોય તો આ મિલ્કતધારક વિરુધ્ધ અત્યાર સુધીમાં ઉધનાઝોને કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. (૩) આ બાંધકામ બદલ ઉધનાઝોન ધ્વારા બાંધકામ બંધ કરાવવા અથવા તો કાયદેસરની કાર્યવાહી કરવા અંગેની કોઈ અરજીઓ આવી હોય તો તે અરજીઓની નકલ આપશો તથા આવેલ આ અરજીના અનુસંધાને ઉધનાઝોને કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ-૮,૯ કે ૧૧ અંગે અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭-૧-૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ-૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન-૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : -૩-૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,